# 6. ટ્રેન



**કાસમ બલોચ**

**જન્મ : ૩૦-૧૨-૧૯૫૭**

પિતાનું નામ નુરમામદ. માતાનું નામ અમીનાબેન. તખલ્લુસ : જખ્મી. વતન જામનગર, વ્યવસાય : પ્રાધ્યાપક (આર્ટ્સ-કોમર્સ કૉલેજ, ખેડબ્રહ્મા, જિ. સાબરકાંઠા) અભ્યાસ : એમ.એ;બી.એડ; પીએચ.ડી. સર્જન : (૧) 'ઍક્વેરિઅમ' (હાઈકુસંગ્રહ) (૧૯૯૬) (૨) 'વાદળો ઘેરાય પણ...' (ગઝલસંગ્રહ) (૨૦૦૩), (૩) વિવિધ સામયિકમાં ગઝલ, લઘુકથા, હાઇકુ, ગીત અભ્યાસલેખ વગેરે છપાયાં છે.

ગઝલ એ અરબી-ફારસી સાહિત્યનું કડીબદ્ધ સાહિત્યસ્વરૂપ-ઊર્મિકાવ્યનો એક પ્રકાર છે. સામાન્ય રીતે તેમાં પાંચથી સાત કડી હોય છે. બબ્બે પંકિત ધરાવતી તે દરેક કડીને 'શેર' કહે છે. ગઝલનો પ્રથમશેર 'મત્લા' અને અંતિમ શેર 'મક્તા' કહેવાય છે. ગઝલમાં 'કાફિયા' (પ્રાસ) તથા 'રદીફ' (અનુપ્રાસ) હોય છે. સ્થાન બાબતે કાફિયા મત્લાના શેરની બંને પંકિતમાં તથા પછીના દરેક શેરની બીજી પંક્તિમાં, રદીફ પૂર્વે સમાન માપનું ઉચ્ચારણ ધરાવતા જુદાજુદા શબ્દ રૂપે આવે છે. રદીફ એ કાફિયા પછી આવતો પંક્તિભાગ છે. તે પણ મત્લાના શેરની બંને પંક્તિમાં તથા પછીના દરેક શેરની બીજી પંક્તિમાં, પણ બદલાયા વગર - એક જ સ્વરૂપે આવે છે. જોકે, રદીફ વિનાની ગઝલો, લખાતી રહી છે, પણ કાફિયા વગર ગઝલ રચવી અશક્ય છે. મક્તામાં ગઝલકારનું 'તખલ્લુસ' (ઉપનામ) વણાયેલું હોય છે. જોકે, મત્લા, મકતા કે બંને વિનાની ગઝલો પણ લખાતી રહી છે. તે અરબી પિંગળશાસ્ત્ર 'અરૂઝ' મુજબ નિયત 'બહેર' (છંદ)માં રચાતી હોય છે. તેનો દરેક શેર વિષય કે વિચાર-ભાવના નિરૂપણની દૃષ્ટિએ સ્વંતત્ર હોય છે. તો, સમગ્ર ગઝલમાં વિષય, ભાવ આદિના નિરૂપણનું સાતત્ય હોય તેવી ગઝલો પણ રચાતી રહી છે. એક સમયે પ્રણય તેનો મુખ્ય વિષય હતો. હવે એવું વિષયબંધન રહ્યું નથી. તેની ભાષા બોલચાલની લઢણોવાળી, સંવાદાત્મક ઢબની, સહજ, સરળ, સાંકેતિક અને સચોટ હોય છે.

'ટ્રેન'નું - ચાલી જતી આગગાડીનું એક શબ્દચિત્ર આ ગઝલમાં રજૂ થયું છે. આ ટ્રેન જીવનની પણ હોઈ શકે. 'આવો, થંભો, પાછા સરકો એમ ત્રણ ક્રિયાપદથી આખી ઘટમાળ નજર સામે કવિ ખડી કરે છે.

---

સાંજ ઢળી ને ચાલી ટ્રેન,
સ્ટેશન ખાલી, ખાલી ટ્રેન.
આખર તો એ યાયાવર છે,
ગણ દવલી કે વ્હાલી ટ્રેન.
પરખાયાં મારાં તળ-શિખર,
ખૂબ મળી મતવાલી ટ્રેન!
'આવો, થંભો, પાછા સરકો',
પાળે આ જ પ્રણાલી ટ્રેન.

ઝાવાં માર્યે વળવાનું શું ?
ક્યાંય ઝલાઈ ઝાલી ટ્રેન ?
ક્ષણબેક્ષણમાં 'જખ્મી' ઓઝલ..!
નભ લગ ફૂલીફાલી ટ્રેન...

## ટિપ્પણ

**યાયાવર** - રખડતું, એક જગ્યાએથી બીજી જગ્યાએ ફરતું **દવલી** - અણમાનીતી **તળ** - તળેટી; નીચેનો પ્રદેશ **મતવાલી** - મસ્તી ચઢેલી **પ્રણાલી** - રૂઢિ, પરંપરા

## રૂઢિપ્રયોગ

**ઝાવાં મારવાં** - વલખાં મારવાં; વ્યર્થ પ્રયત્ન કરવા

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. ટ્રેન ક્યારે ચાલી નીકળે છે?
2. ટ્રેન કઈ પ્રણાલીનું પાલન કરે છે ?
3. ટ્રેન કયા સુધી ફાલી છે? ટ્રેન ક્યાં અને ક્યારે ખાલી થાય છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.**

1. કવિ ટ્રેનને શા માટે યાયાવર ગણાવે છે ?
2. કવિ શા માટે ઝાવાં મારવાની ના પાડે છે ?

**પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

1. કાવ્યને આધારે ટ્રેનની લાક્ષણિકતાઓ વર્ણવો.
2. આ ટ્રેન જીવનની પણ કઈ રીતે હોઈ શકે ?

**પ્રશ્ન 4. સમાનાર્થી શબ્દ લખો.**

શિખર, પ્રણાલી, ઓઝલ

**પ્રશ્ન 5. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

સાંજ, નભ, ફૂલવું

**આટલું કરો.**

1. રેલ્વેસ્ટેશનની મુલાકાત લઈ તેનું વર્ણન તમારા મિત્રને કરો.
2. ટ્રેનમાં બેસવાનો અનુભવ વર્ગમાં કહો.
3. ગઝલ પઠન વિશે શિક્ષક પાસેથી જાણકારી મેળવો.

•